# Vikas GlobalOne standalone net profit rises 93.06%

**Publication: Lokmitra** ; **Date:** 29 Oct 2015; **Edition:** Ahmedabad; **Reporter:** Bureau
**Circulation:** 10,000; **Total Area:** 151.42 sq cm; **MAV[INR]:** 13,628;**Zone:** West;**Paper Type:**Regional; **Page No.:** 3

**Vikas Global One Limited**

/



## વિકાસ ગ્લોબલવન લિમિટેડના નાણાકીય વર્ષ ૨૦૧૬ના બીજા ક્વાર્ટરના પીએટીમાં ૯૩.૦૬ ટકાના દરે ૩.૩૪ કરોડ રૂપિયાનો વધારો

**અમદાવાદ:** સ્પેશિઆલિટી પોલિમર કમ્પાઉન્ડ અને એડિટીવ ક્ષેત્રની અગ્રણી કંપની વિકાસ ગ્લોબલ વન લિમિટેડ (વીજીએલ)એ આજે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ અંત પામતાં બીજા ક્વાર્ટર અને અડધા વરસના નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી.

કંપનીએ છેલ્લા ક્વાર્ટરમાં ૧.૭૩ કરોડ રૂપિયાની સાપેક્ષે નાણાકીય વર્ષ ૨૦૧૬ના બીજા ક્વાર્ટરમાં ૩.૩૪ કરોડ રૂપિયાના નેટ પ્રોફિટ સાથે ૯૩.૦૬ ટકાનો તંદુરસ્ત વધારો નોંધાવ્યો હતો. ગયા વરસે આ સમયગાળામાં ૪૦.૮૧ કરોડ રૂપિયાની સાપેક્ષે આ વરસે ૩૦ સપ્ટેમ્બરે અંત થતા ક્વાર્ટરમાં ૭૬.૮૭ ટકાના વધારા સાથે ૭૨.૧૮ કરોડની કુલ આવક થઇ હતી. આવકમાં ઉછાળો મુખ્યત્વે માર્કેટ શહેરનો વધારો, ઉત્પાદન એકમનું વિસ્તરણ, ઉત્કૃષ્ટ પ્લાનિંગ અને અમલીકરણને કારણે થયો હતો. નાણાકીય વર્ષ ૨૦૧૬ના બીજા ક્વાર્ટરમાં વ્યાજ, ટેક્સ, અવમૂલ્યન અને ઋણમુક્તિ (ઇબીઆઇટીડીએ) પહેલાંની વીજીએલની આવક ૯૩.૮૬ ટકાના વધારા સાથે ૮.૫૩ કરોડ રૂપિયા થઇ હતી. નાણાકીય વર્ષ ૨૦૧૫માં બીજા ક્વાર્ટરમાં ૪.૪૦ કરોડમાંથી નાણાકીય વર્ષ ૨૦૧૬ના બીજા ક્વાર્ટરમાં ૮.૫૩ કરોડ સાથે કંપનીના કાર્યકારી નફામાં સુધારો થયો હતો.

ગયા વરસે ૨.૭૮ કરોડ રૂપિયાની સાપેક્ષે આ વરસે ૩૦ સપ્ટેમ્બર પૂર્ણ થતા અડધા વરસમાં વીજીએલનો નેટ પ્રોફિટ ૫૧.૦૭ ટકાના ઉછાળા સાથે ૪.૧૯ કરોડ રૂપિયા હતો. નાણાકીય વર્ષ ૨૦૧૫ના પ્રથમ ક્વાર્ટરમાં ૨.૯૧ ટકામાંથી નાણાકીય વર્ષ ૨૦૧૬ના પ્રથમ ક્વાર્ટરમાં ૩.૨૬ ટકા સાથે કંપનીની પીએટી માર્જીનમાં સુધારો થયો હતો. એચ૧ નાણાકીય વર્ષ ૧૬ની કુલ આવક ૩૬.૬૧ ટકાના વધારા સાથે ૧૩૦.૭૮ કરોડ રૂપિયા છે, જે એચ૧ નાણાકીય વર્ષ ૨૦૧૫ દરમિયાન ૯૫.૭૩ કરોડ રૂપિયા હતી. વીજીએલનો કાર્યકારી નફો નાણાકીય વર્ષ ૧૬માં ૧૩.૪૫ કરોડ છે. જે ૨૬.૫૬ ટકા જેટલો વધ્યો છે. એચ૧ નાણાકીય વર્ષ ૨૦૧૬માં કંપનીના કાર્યકારી નફાનો ગાળો ૧૦.૨૮ ટકા છે જે નાણાકીય વર્ષ ૨૦૧૫માં ૯.૧૩ ટકા હતો.(૩-૧)